પંડિત દીનદયાળ રમતગમત સંકુલના અંડરગ્રાઉન્ડમાં પાણી ભરાવાનું કારણ બહાર આવ્યું નથી

નવસારીનું રમતગમત સંકુલ 'સ્વિમિંગ પૂલ'માં ફેરવાયું

સંકુલના અંદરના ભાગોમાં પાણી ભરાવા સાથે જ ભારે દુર્ગંધ ફેલાઈ

નિયમિત રીતે પ્રેક્ટિસ કરવા આવતા ખેલાડીઓ, કોચ તથા મુલાકાતીઓને મુશ્કેલી

નવસારી : નવસારી શહેરના લૂન્સીકુઇ વિસ્તારમાં આવેલા પંડિત દીનદયાળ રમતગમત સંકુલમાં અચાનક અંડરગ્રાઉન્ડ ભાગમાં ભારે પ્રમાણમાં પાણી ભરાઈ જતાં સમગ્ર સંકુલ 'સ્વિમિંગ પૂલ' બની ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સંકુલના અંદરના ભાગોમાં પાણી ભરાવા સાથે જ ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે, જેના કારણે અહીં નિયમિત રીતે પ્રેક્ટિસ કરવા આવતા ખેલાડીઓ, કોચો તથા મુલાકાતીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અંડરગ્રાઉન્ડમાં પાણી ભરાવાનું ચોક્કસ કારણ હજી સુધી બહાર આવ્યું નથી. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે સંકુલની આસપાસ આવેલા અંકબંધ અથવા ડ્રેનેજ વ્યવસ્થામાં કોઈ ખામી સર્જાઈ હોવાના કારણે બહારનું પાણી અંદર પ્રવેશી રહ્યું હોઈ શકે છે. ક્યાંથી અને કેવી રીતે પાણી આવી રહ્યું છે તે બાબતે સ્પષ્ટતા ન થતાં પાલિકા તંત્ર સામે પણ અનેક પ્રશ્નો ઊભા થયા છે.

પાણી ભરાવાની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખી નવસારી પાલિકાએ તાત્કાલિક પગલાંરૂપે સંકુલમાં પાણી કાઢવાના મશીનો મૂક્યા છે અને પાણી બહાર કાઢવાની કામગીરી શરૂ કરી છે.

જોકે, આ માત્ર તાત્કાલિક ઉપાય હોવાનું ખેલાડીઓ અને સ્થાનિક નાગરિકો જણાવી રહ્યા છે. જો પાણી ભરાવાનું મૂળ કારણ શોધી કાયમી ઉકેલ ન લાવવામાં આવે તો ફરી આવી જ સ્થિતિ સર્જાવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઈન્ડોર રમતોની પ્રવૃત્તિઓ અટકી ગઈ

પાણી ભરાવા અને દુર્ગંધના કારણે સંકુલમાં ચાલતી ઈન્ડોર રમતોની પ્રવૃત્તિઓ અટકી ગઈ છે. ભીનાશ અને અસ્વચ્છ પરિસ્થિતિને કારણે ખેલાડીઓના સ્વાસ્થ્ય પર પણ પ્રતિકૂળ અસર થવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે. શહેરના ખેલપ્રેમીઓ અને નાગરિકોએ માંગ કરી છે કે પાલિકા તંત્ર તાત્કાલિક તપાસ કરીને પાણી આવવાનું ચોક્કસ કારણ શોધે અને કાયમી સમાધાન લાવે, જેથી લૂન્સીકુઇ પંડિત દીનદયાળ રમતગમત સંકુલ ફરીથી ખેલાડીઓ માટે સુરક્ષિત અને ઉપયોગી બની શકે.

બીલીમોરાના ગોહરબાગમાં માર્ગ બેસી ગયો

કરસી બારીયા

બીલીમોરા : બીલીમોરાના ગોહરબાગ વિસ્તારમાં એકાએક માર્ગ તૂટી પડવાની ઘટના બનતા સ્થાનિકોમાં કુતૂહલ સાથે ચિંતા ફેલાઈ હતી. ગોહરબાગમાં આવેલા મદ્રાસ ટોસાની સામેના મુખ્ય માર્ગ પર અચાનક ગાબડું પડ્યું હતું. ટેક્નિકલ કારણોસર રસ્તાનો અમુક ભાગ અચાનક બેસી ગયો હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ મોટી દુર્ઘટના કે જાનહાનિના સમાચાર નથી. ઘટનાની જાણ થતા જ બીલીમોરા નગરપાલિકાની ટીમ તાકીદે સ્થળ પર પહોંચી ગઈ હતી. માર્ગ વધુ ન તૂટે અને વાહનચાલકોને મુશ્કેલી ન પડે તે માટે પાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે કપચી અને સિમેન્ટ નાંખીને ગાબડાનું પુરાણ કરવામાં આવ્યું હતું. હાલ પૂરતું રસ્તાનું સમારકામ કરી તેને પૂર્વવત કરવામાં આવ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ભરચક વિસ્તાર હોવાને કારણે પાલિકાની આ ત્વરિત કામગીરીથી મોટી મુશ્કેલી ટળી હતી.

નવસારીમાં જાહેરનામાનો ભંગ કરનારા ૮ દુકાનદાર સામે ગુનો

ગ્રામ્ય વિસ્તારમાં CCTV જાહેરનામા ભંગ સામે પોલીસની લાલ આંખ, એક જ દિવસે કાર્યવાહી

ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવી 30 દિવસનું બેકઅપ ન રાખ્યું ન હતુ

નવસારી કબીલપોરમાં આટલા દુકાનદાર સામે કાર્યવાહી

કૈલાશ ભીમરાવ ચૌધરી (રહે. આદર્શ નગર, કબીલપોર), કબીલપોર સડક ફળિયામાં આવેલી વૈભવ ઇલેક્ટ્રિકના માલિક રવિ રાઠોડ (રહે. સડક ફળિયા), ઇટાળવા ગામે ત્રણ રસ્તા પર આવેલી પવન મોબાઇલ દુકાનના માલિક ગિરિરાજ કુમાવત (રહે. વ્રજ વિહાર સોસાયટી), દશેરા ટેકરી, તલાવડી ફળિયામાં આવેલી રાધે હેર સલૂનના માલિક જુમ્બાદીન અબ્દુલ કાદર ખલીફા, કસ્બા ગામ માણેકપોર ટંકોલી ત્રણ રસ્તા પાસે આવેલી ઓમ સાંઇ ઉબાડિયુંના સંચાલક સોશિયલકુમાર બ્રિજભૂષણ ચૌહાણ અને અન્ય સંચાલક સંદીપ વિનોદભાઈ ચૌહાણ, ઉગત બસ સ્ટેન્ડ નજીક આવેલી શ્રીજી ટ્રેડસના માલિક જતીન અરવિંદભાઈ ગાંધી તેમજ વેગામ પીર ફળિયામાં આવેલી હરિહર ઓટો ગેરેજના માલિક અવિનાશ નટવરલાલ પટેલનો સમાવેશ થાય છે.

નવસારી : નવસારી ગ્રામ્ય પોલીસ દ્વારા જિલ્લામાં જાહેર સુરક્ષા મજબૂત બનાવવા માટે બહાર પાડવામાં આવેલા સીસીટીવી જાહેરનામાના કડક અમલની શરૂઆત કરવામાં આવી છે. ચોરી, ધાડ, લૂંટ, હત્યા, આતંકી પ્રવૃત્તિઓ તેમજ ઘરેલું હિંસા જેવા ગંભીર ગુનાઓ અટકાવવાના મેજિસ્ટ્રેટ દ્વારા દુકાન, હોટલ, રેસ્ટોરન્ટ તેમજ ભારે અવર-જવર વાળી જગ્યાઓ પર સીસીટીવી કેમેરા લગાવી 30 દિવસનું બેકઅપ રાખવાનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ જાહેરનામાના ભંગ બદલ નવસારી ગ્રામ્ય પોલીસે એક જ દિવસમાં ૮ દુકાનદારો સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. રૂરલ પોલીસ ઇન્સ્પેક્ટર પી.જી. ભરવાડના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે નવસારી ગ્રામ્ય પોલીસની હદમાં આવતા વિવિધ વિસ્તારોમાં દુકાન, હોટલ અને રેસ્ટોરન્ટની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન અંદાજે ૧૦ જેટલા વેપારીઓ સીસીટીવી જાહેરનામાનો ભંગ કરતા હોવાનું સામે આવ્યું હતું, જેમાંથી ૮ દુકાનદારો સામે ગુનો નોંધાયો છે.

ડાંગ જિલ્લામાં નકલી ક્રાઈમ બ્રાંચ ઓફિસર ઝડપાયો

પોલીસમાં ધાક જમાવવા શખ્સે દિલ્હીનો આઈ કાર્ડ પણ બતાવ્યો

તપાસમાં આઈ કાર્ડ હ્યુમન રાઈટ્સ પ્રોટેક્શન કાઉન્સિલનો નીકળ્યો

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં નાતાલના પર્વ નિમિત્તે પ્રવાસીઓની ભારે ભીડ અને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખીને તૈનાત કરવામાં આવેલા પોલીસ કાફલાને ગેરમાર્ગે દોરવાનો એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોતાની જાતને દિલ્હી ક્રાઈમ બ્રાંચનો ઉચ્ચ અધિકારી ગણાવી રોફ જમાવતા એક ઈસમને આહવા પોલીસે સળિયા પાછળ ધકેલી દીધો છે.

આહવા પોલીસ મથક વિસ્તારમાં નિલેશ ગાયકવાડ નામનો એક શખ્સ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. જ્યારે ફરજ પરના પોલીસ કર્મચારીઓ અને હોમગાર્ડના જવાનોએ તેની પૂછપરછ કરી, ત્યારે આ શખ્સે અત્યંત આત્મવિશ્વાસ સાથે પોતે દિલ્હી ક્રાઈમ બ્રાંચનો ઉચ્ચ અધિકારી હોવાની ઓળખ આપી હતી. તેણે પોલીસને ધાક જમાવવા માટે એક ઓળખપત્ર (આઈ-કાર્ડ) પણ બતાવ્યું હતું, જેથી પ્રથમ દ્રષ્ટિએ પોલીસ જવાનો પણ મૂંઝવણમાં મુકાયા હતા. આ શખ્સની હિલચાલ શંકાસ્પદ જણાતા આહવા પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.એસ. પટેલ અને તેમની ટીમે સતર્કતા દાખવી તુરંત તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સઘન પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી પાસે રહેલું ઓળખપત્ર INTERNATIONAL HUMAN RIGHTS PROTECTION COUNCIL, NEW DELHI, INDIA નામની સંસ્થાનું હતું. જ્યારે પોલીસ દ્વારા આ કાર્ડ અંગેના આધારભૂત દસ્તાવેજો માંગવામાં આવ્યા, ત્યારે આરોપી નિલેશ ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો અને કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો નહોતો. અંતે, તે કોઈ સરકારી ઉચ્ચ અધિકારી નહીં પરંતુ પોલીસને છેતરનારો એક સામાન્ય શખ્સ હોવાનું સાબિત થયું હતું. આહવા પોલીસે વિનયભાઈ ગાયકવાડ (ઉં.વ.૫૪, રહે., મિશન કોલોની, આહવા, મૂળ રહે., વલ્લભ વિદ્યાનગર, આણંદ) ની અટકાયત કરી છે.

વલસાડ નજીક હાઈવે પર અકસ્માતમાં તરૂણીનું મોત

માતા-પુત્રીની મોપેડને ટ્રકે અડફેટે લઇ અકસ્માત સર્જ્યો હતો, માતાનો બચાવ પુત્રીનું મોત



વલસાડ : ગુંદલાવ રહેતા માતા-પુત્રી પોતાના મોપેડ પર વલસાડથી ગુંદલાવ પરત જઈ રહ્યા હતા. એ સમયે એક ટ્રક ચાલકે તેમને હાઈવે પાસે અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ટ્રકનું ટાયર 17 વર્ષિય પુત્રીના શરીર પરથી ફરી વળતાં ઘટના સ્થળે જ તેનું મોત નિપજ્યું હતુ.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ ગુંદલાવમાં રહેતા કેતનાબેન મનોજકુમાર પ્રજાપતિ તેમની પુત્રી વિશ્વા (ઉવ.17) સાથે તેમના મોપેડ પર વલસાડ આવ્યા હતા. વલસાડમાં કામ મપતાવી તેઓ તેમની મોપેડ પર સવાર થઇ પરત થઇ રહ્યા હતા. ત્યારે ઓવરબ્રિજ નજીક એક ટ્રકના ચાલક અનિલ રાજુ હળપતિએ ટ્રકથી મોપેડને અડફેટે લીધું હતુ. ત્યારબાદ તેમની ટ્રક વિશ્વાના શરીર પરથી ફરી વળતા ગંભીર ઈજાના કારણે તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતુ. જ્યારે તેની માતા કેતનાબેનને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા. આ ઘટના સંદર્ભે મનોજકુમારે ટ્રક ચાલક અનિલ વિરૂદ્ધ ફરિયાદ કરતા પોલીસે અનિલ વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બીલીમોરા-વઘઈને જોડતી ૧૦૦ વર્ષ જૂની ઐતિહાસિક નેરોગેજ ટ્રેનમાં માવજતનો અભાવ

નેરોગેજ ટ્રેનના એન્જિનવાળા ડબ્બા કટાઈ ગયા

પતરું પણ ખવાઈ ગયું ઉપરાંત બોડી પરથી કલર પણ ઉખડી જતા ટ્રેન ખંડેર જેવી થઈ ગઈ હોય તેવી સ્થિતિ

બીલીમોરા વઘઈ નેરોગેજ ટ્રેન આદિવાસી સમાજ માટે જીવાદોરી અને ઐતિહાસિક ધરોહર સમાન

નિલેશ કાપડિયા

વાંસદા : બીલીમોરા - વઘઈ વચ્ચે આશરે ૧૦૦ વર્ષથી દોડતી ટ્રેન બીલીમોરાથી ગણદેવી, રાનકુવા, અનાવલ, ઉનાઈ, સરા જેવા ગામોના ગીચ જંગલમાંથી પસાર થઈ વઘઈ પહોંચે છે, જે આ વિસ્તારના આદિવાસીઓ માટે જીવાદોરી સમાન ઐતિહાસિક નેરોગેજ ટ્રેનની માવજતનો અભાવ જોવા મળી રહ્યો છે.

બીલીમોરાથી વઘઈ આશરે ૧૦૦ વર્ષથી વધુ સમયથી દોડતી ઐતિહાસિક નેરોગેજ ટ્રેનની માવજતનો અભાવ જોવા મળી રહ્યો છે. અંગ્રેજોના સમયમાં ઈમારતી લાકડા સહીત અન્ય વસ્તુઓ બીલીમોરા સુધી લઈ જવા માટે માલવાહક નેરોગેજ ટ્રેન શરૂ કરવામાં આવી હતી. અગાઉ ખનીજ કોલસા પર સંચાલિત આ બીલીમોરા વઘઈ નેરોગેજ ટ્રેન આ વિસ્તારના આદિવાસી સમાજ માટે જીવાદોરી અને ઐતિહાસિક ધરોહર સમાન છે. થોડા સમય અગાઉ કોઈ કારણોસર ટ્રેન બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. જે ટ્રેનનાં બંધનાં નિર્ણયને લઈને બીલીમોરાથી વઘઈ ડાંગ સુધી લોકોમાં નારાજગી સાથે ભારે રોષ ફેલાયો હતો, ત્યારે આ ટ્રેનને ફરીથી ચાલુ કરવા માટે શાસક - વિપક્ષના સ્થાનિક નેતાઓ દ્વારા સરકારમાં રજૂઆત સાથે આંદોલન અને ધરણા પ્રદર્શન કરતા તંત્ર દ્વારા આ ટ્રેન પુનઃ શરૂ કરવામાં આવી હતી. અને પાંચ બોગી ડબ્બાઓ સાથે ટ્રેન બીલીમોરા - વઘઈ વચ્ચે દોડતી થઈ હતી. જેમાં પર્યટકો માટે એસી કોચની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા આ ઐતિહાસિક ટ્રેનની સાર સંભાળનો મોટો અભાવ જોવા મળી રહ્યો છે. જેમા ટ્રેનના એન્જિનવાળા ડબ્બાની બોડી કટાઈ ગઈ હોય અને પતરું પણ ખવાઈ ગયું હોવાની હાલતમાં જોવા મળી રહ્યું હતું. બોડી પરથી કલર પણ ઉખડી જતા ટ્રેન ખંડેર થઈ ગઈ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આજે પણ આ વિસ્તારના લોકો અને પ્રવાસીઓ આ ટ્રેનની મુસાફરીનો આનંદ માળવા આવતા હોય છે. ત્યારે સરકાર દ્વારા આ ટ્રેનની પણ સમયાતંરે માવજત થવી જરૂરી છે.

વિદેશમાં ઊંચા પગારની નોકરીના લાલચે યુવક સાઇબરની જાળમાં ફસાયો

નવસારીના દસ જેટલા ભારતીય યુવાનો મ્યાનમારમાં એજન્ટ દ્વારા સેફ હાઉસમાં રાખવામાં આવ્યા

પરિવારજનોએ નવસારી જિલ્લા વહીવટીતંત્રનો સંપર્ક કરી સમગ્ર ઘટનાની જાણ કરી

નવસારી : નવસારીનો એક યુવક વિદેશમાં ઊંચા પગારની નોકરીની લાલચમાં સાઈબર ક્રાઈમ તથા છેતરપિંડીના નેટવર્કમાં ફસાયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રિન્સ રમેશલાલ પટેલ નામના આ યુવક સહિત કુલ દસ જેટલા ભારતીય યુવાનો સાઈબર ક્રાઈમ રેકેટ અથવા છેતરપિંડીના જાળમાં ફસાયા હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી પ્રમાણે, એજન્ટ દ્વારા ડેટા એન્ટ્રીની નોકરી આપવાની લાલચ આપી પ્રિન્સ પટેલે અંદાજે છ મહિના અગાઉ ઓનલાઈન અરજી કરી હતી. પરીક્ષા બાદ નોકરી માટે તેને વિદેશ મોકલવામાં આવ્યો હતો. જોકે ત્યાં પહોંચ્યા બાદ તેને જે કામ માટે દબાણ કરવામાં આવતું હતું તે ગેરકાયદેસર અને છેતરપિંડી સાથે સંકળાયેલું હોવાનું જાણવા મળ્યું હતું. પ્રિન્સ પટેલ માતા-પિતાનો એકમાત્ર સંતાન હોવાથી પરિવાર ભારે ચિંતામાં છે. હાલ આ તમામ યુવાનોને મ્યાનમારના વાડી વિસ્તારોમાં એક સ્થાનિક એજન્ટ દ્વારા સંચાલિત સેફ હાઉસમાં રાખવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. પરિવારજનોએ નવસારી જિલ્લા વહીવટીતંત્રનો સંપર્ક કરી સમગ્ર ઘટનાની જાણ કરી છે. પરિવારે પોતાના દીકરાને તેમજ અન્ય ફસાયેલા યુવાનોને વહેલી તકે સલામત રીતે ભારત પરત લાવવા માટે મદદની માંગ કરી છે. આ ઘટનાએ વિદેશમાં નોકરીના નામે ચાલતી સાઈબર છેતરપિંડી સામે ફરી એકવાર ગંભીર ચેતવણી ઊભી કરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

જમીન પુરાણ માટેનો
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

કબુતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

હિંચકાના કડાંવાલા
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

હાર્ડવેર, સેનેટરી
પેઈન્ટ્સ, પ્લાયવુડ, ઈન્ડસ્ટ્રીયલની દુકાનમાં ડેડ સ્ટોક સારા ભાવમાં આપવા માટે સંપર્ક કરો. Mo: 9327280937

પેપર ડીશ, ગ્લાસ
સિલ્વર થાળીઓ, બાજ, દડિયા, ડસ્ટબિન બેગો મળશે. શિવકૃપા ડિસ્પોઝેબલ, રાંદેર રોડ, હાઉસિંગમાં, સુરત. 9426394294

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

પ્લોટના
સબ ડિવિઝન, લોચા વાલી સોસાયટી કે પ્લોટ ના ટાટયલ ક્લીયર, સરકારી કામ માટે મળો 9978936367

મિલ્કત વેચવાની છે

વેચાણથી
નાનપુરામાં ફ્લેટ, ગોપીપુરામાં દુકાન, પરસોલીમાં પ્લોટ, ચોકબજારમાં ઓફિસ, મો. નં: 9825821151

ન્યુ સીટી લાઈટમાં
બંગ્લો તેમજ પારલેપોઈન્ટ માં પ્લોટ વ્યાજબી કિંમતે વેચવાનો 8160763127 (710)

વેચવાની છે
ખેતી લાયક જમીન વ્યારાથી 7 કિલો મીટર 9624980432 (713)

ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ
વેચવાના છે સોનલ- ૧ ચીકુવાડી પાંડેસરા પ્લોટનં- 40 to 46 અને 46A અને ઊમા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી ભટાર પ્લોટનં- 153A, 153 to 155 વેચવાના છે. Cont= 9579076873

ફ્લેટ વેચવાનો
અલથાણ- ભીમરાડ, આશીવાદ એન્કલેવ, 10th floor, 2 BHK, 1389 ચોરસફૂટ. 9825146479.

2/ 3/ 4 BHK ફ્લેટ
નવાં બિલ્ડિંગમાં નવું ફર્નિચર સાથે વેચાણ. પાલ. 9909601200

પ્લોટ સસ્તા ભાવે
વેચવાનો છે. પાલ. 9909601200

રોહાઉસ વેચવાનું છે
નવું બાંધકામ. પાલ. 9909601200

૧ અને ૨ સીટના
સાગ લાકડાના આધાર વાળા સોફા તાકીદે વ્યાજબી ભાવે સુરતમાંથી વેચવાના છે. +919898170075

મિલ્કત જોઈએ છે

જોઈએ વેચાણ / ભાડે
પ્લોટ બંગલા રો હાઉસ ફ્લેટ જમીન ઘોડદોડથી ડુમસ સુધી 8160763127 (709)

"લોન વિષયક"
1 લાખ થી 5 લાખ રૂપિયાની લોનની જરૂરત હોય તો એપોઈન્ટમેન્ટ લઈને સંપર્ક કરો
લોન-કન્સલટન્ટ વિજય ખેડેકર
મો.નં.7202820113

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

સાગર 9427113317
ધૂળેટીમાં શાહપુરા ખાટુશ્યામ સાંવરિયાજી, શનિ, રવિ, શિરડી, સપ્તશૃંગી, મહાલક્ષ્મી 2501/-

કચ્છ રણોત્સવ.
જાણીતું અને માનીતું નામ. કિંજલ શાહ સંગાથે માણો સફેદરણ/ ભુજ/ માતાનો મઢ અને માંડવીની મુલાકાત. બુકિંગ શરૂ થઈ ચુક્યું છે. (જુજ ટીકીટો બાકી) Joy Enjoy Travel Planner. 9426157371

મિલ્કત ભાડે -વેચાણ

વેચાણ/ ભાડે
700 વાર જમીન. ઉમરા ગામમાં આપવાની છે 9624980432 (714)

મિલ્કત ભાડેથી

સચિન હોજીવાલા
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનુ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો. 9924441820

ફર્નિચર સાથે ઓફિસ
ભાડે આપવાની છે.(એડવોકેટ - સી.એ.- આર્કિટેક્ટ ને લાયક) સિદ્ધિગીરી એપાર્ટમેન્ટ પહેલો માળ, દ્રષ્ટિ ઓપ્ટિકલ ની ઉપર, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. Contact No.:- 9879665032

મિલ્કત લે-વેચ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ડિસપ્યુટ વાળી જમીન
ખરીદવા અને વેચવા માટે મળો. સુરત અથવા 50 કિ.મી સુધીમાં 9978936367

નોકરી વિષયક

મસાલા પેકીંગ માટે
પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય (9:30 થી 8:00) Mo. 9265470310

જોઈએ છે
નાંમાંકિત ફાઈનાન્સ કંપની માટે જોડાઈ શકે એવા ઉત્સાહી વ્યક્તિ સંપર્ક કરો. KRUTIK DESAI 9408090363

જોઈએ છે
એકાઉન્ટીંગ ઓફિસ માટે બી.કોમ. પાસ અથર્વ એન્ડ પ્રિહાન કન્સલટન્સી ૨૦૧/૨૦૨, પાર્ક એવન્યુ પોદાર આર્કેડ પાસે, ડાંગરવાળા વરાછારોડ, સુરત. 9825377589, 9825834265 (711)

હાર્ડવેરના હોલસેલ
બિઝનેસ માટે સેલ્સમેન અને સ્ટાફની જરૂર છે. Mo. 9898063315

ડોક્ટરની
ઓટોમેટીક કાર ચલાવવા માટે અનુભવી ડ્રાઈવર જોઈએ છે દરરોજ ના ૧૦ થી ૧૨ કલાક ના સમય માટે મો- ૯૩૨૭૫૦૮૧૨૭ આપેલ મોબાઈલ નંબર ઉપર ફોન કરવો

જોઈએ છે
અનુભવી ટર્નર કમ વેલ્ડર, CNC/ VMC મશીનના Fanuc કંટ્રોલના ઓપરેટર અનુભવ પ્રમાણે પગાર મળશે કતારગામ GIDC. 9825304506 9825651072

સર્જન સોસાયટી
અઠવાલાઈન્સ રસોઈ કરી શકે તેવા બેન જોઈએ છે. મળોઃ- કમલેશભાઈ 9879664047

Required
Software Support Executive Male / Female Good Communication, Accounting Field, Able to work Individually and with Team, 10 to 7, Adajan, 9825704800

જોઈએ છે
સી.એ.ની ઓફિસ માટે એકાઉન્ટન્ટ- ડેટા એન્ટ્રી ના જાણકાર કોમર્સ ગ્રેજ્યુએટ MO: 9898895961, 9265582535

કુલ ટાઈમ ડ્રાઈવર
તથા CT Scan અને MRI Technician તથા રિસેપ્સનિસ્ટ જોઈએ છે. 9824191051 (712)

જોઈએ છે
મહેનતું છોકરો. પગાર 10/ 15. વિનોદ રેડિયો. 9374711161

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.